# રાજ્યભરમાં આફતનો વરસાદ

**રાજકોટમાં ૨૨ ઈંચ વરસાદથી જળબંબાકાર : જુનાગઢમાં વિસાવદરમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ : નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા : હજારો લોકોનું સ્થળાંતર : સાવચેતીના પગલા, બચાવ અને રાહત કામગીરી જારી**


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૭ | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેર-જિલ્લામાં વરસાદી માહોલ યથાવત

**ઘટાટોપ વાદળો પણ વરસ્યા નહિ : સતત વરસાદી માહોલને પગલે પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાનો ભય : પાકને પણ નુકશાન થવાની ભીતિ : દહેગામ-માણસામાં ૪૦ ઈંચ તો ગાંધીનગરમાં ૩૯ ઈંચ અને કલોલમાં ૩૮ ઈંચ વરસાદ આ સિઝનનો નોંધાયો**






ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી જામેલા વરસાદી માહોલનું વાતાવરણ આજે પણ યથાવત રહેવા પામ્યું હતું. શહેરમાં આજે ૧૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહીને પગલે એલર્ટ મોડ પર તંત્ર મુકાયુ છે. આજે આખો દિવસ ગાંધીનગરમાં વાદળો ઘેરાયેલા રહ્યા હતા પરંતુ વરસાદ ઓછો થયો છે. જોકે સતત હળવાથી ભારે વરસાદના ઝાપટા સમયાંતરે થતા રહ્યા હોવાથી સૌએ રાહતનો દમ લીધો છે.

સતત વરસાદનો કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા અને તેને કારણે વાહનચાલકો પણ મુશ્કેલી અનુભવતા જણાયા હતા. જો કે વાહનો સ્લીપ થવાની અર્ઝા ડઝન જેટલી ઘટનાઓ નોંધાઈ છે.

છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં આવેલા પલ્ટા પછી જામેલા વરસાદી માહોલને કારણે જિલ્લામાં પાણીની નવી આવક થઈ છે. નવા પાણીની આવકને કારણે ભૂગર્ભ જળની સપાટીને સારો એવો ફાયદો થવા પામ્યો છે. જો કે ખેતીક્ષેત્રે સતત વરસાદી માહોલને કારણે નુકશાનનો ભય ઉભો થવા પામ્યો છે.



(તસવીર : દિપક જાની)

સતત વરસાદી માહોલને કારણે વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો વધવાનો ભય આરોગ્ય તંત્રને પણ સતાવી રહ્યો છે.

વરસાદી માહોલને કારણે વાહનચાલકોએ પણ આજે


● અનુસંધાન પાન-૭ પર


